www.prepp.in

Prepp
Your Personal Exams Guide

# UGC NET PAPER 2 NOVEMBER 05, 2017 SHIFT 1 GUJARATI QUESTION PAPER

N 0 3 7 1 7

## PAPER - II
## GUJARATI

Time : 1¼ hours] [Maximum Marks : 100

Number of Pages in this Booklet : 12 | Number of Questions in this Booklet : 50

### Instructions for the Candidates

1. Write your roll number in the space provided on the top of this page.
2. This paper consists of fifty multiple-choice type of questions.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (ii) **Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.**
   (iii) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Sheet and the OMR Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (1), (2), (3) and (4). You have to darken the circle as indicated below on the correct response against each item.

   Example : ① ② ● ④ where (3) is the correct response.
5. Your responses to the items are to be indicated in the **OMR Sheet given inside the Booklet only.** If you mark your response at any place other than in the circle in the OMR Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
9. You have to return the original OMR Sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Sheet on conclusion of examination.
10. **Use only Blue/Black Ball point pen.**
11. **Use of any calculator or log table etc., is prohibited.**
12. **There are no negative marks for incorrect answers.**

### परीक्षार्थियों के लिए निर्देश

1. इस पृष्ठ के ऊपर नियत स्थान पर अपना रोल नम्बर लिखिए।
2. इस प्रश्न पत्र में पचास बहुविकल्पीय प्रश्न हैं।
3. परीक्षा प्रारम्भ होने पर, प्रश्न-पुस्तिका आपको दे दी जायेगी। पहले पाँच मिनट आपको प्रश्न-पुस्तिका खोलने तथा उसकी निम्नलिखित जाँच के लिए दिये जायेंगे, जिसकी जाँच आपको अवश्य करनी है :
   (i) प्रश्न-पुस्तिका खोलने के लिए पुस्तिका पर लगी कागज की सील को फाड़ लें। खुली हुई या बिना स्टीकर-सील की पुस्तिका स्वीकार न करें।
   (ii) **कवर पृष्ठ पर छपे निर्देशानुसार प्रश्न-पुस्तिका के पृष्ठ तथा प्रश्नों की संख्या को अच्छी तरह चैक कर लें कि ये पूरे हैं। दोषपूर्ण पुस्तिका जिनमें पृष्ठ/प्रश्न कम हों या दुबारा आ गये हों या सीरियल में न हों अर्थात् किसी भी प्रकार की त्रुटिपूर्ण पुस्तिका स्वीकार न करें तथा उसी समय उसे लौटाकर उसके स्थान पर दूसरी सही प्रश्न-पुस्तिका ले लें। इसके लिए आपको पाँच मिनट दिये जायेंगे। उसके बाद न तो आपकी प्रश्न-पुस्तिका वापस ली जायेगी और न ही आपको अतिरिक्त समय दिया जायेगा।**
   (iii) इस जाँच के बाद प्रश्न-पुस्तिका का नंबर OMR पत्रक पर अंकित करें और OMR पत्रक का नंबर इस प्रश्न-पुस्तिका पर अंकित कर दें।
4. प्रत्येक प्रश्न के लिए चार उत्तर विकल्प (1), (2), (3) तथा (4) दिये गये हैं। आपको सही उत्तर के वृत्त को पेन से भरकर काला करना है जैसा कि नीचे दिखाया गया है।

   उदाहरण : ① ② ● ④ जबकि (3) सही उत्तर है।
5. प्रश्नों के उत्तर **केवल प्रश्न पुस्तिका के अन्दर दिये गये OMR पत्रक पर ही** अंकित करने हैं। यदि आप OMR पत्रक पर दिये गये वृत्त के अलावा किसी अन्य स्थान पर उत्तर चिह्नांकित करते हैं, तो उसका मूल्यांकन नहीं होगा।
6. अन्दर दिये गये निर्देशों को ध्यानपूर्वक पढ़ें।
7. कच्चा काम (Rough Work) इस पुस्तिका के अन्तिम पृष्ठ पर करें।
8. यदि आप OMR पत्रक पर नियत स्थान के अलावा अपना नाम, रोल नम्बर, फोन नम्बर या कोई भी ऐसा चिह्न जिससे आपकी पहचान हो सके, अंकित करते हैं अथवा अभद्र भाषा का प्रयोग करते हैं, या कोई अन्य अनुचित साधन का प्रयोग करते हैं, जैसे कि अंकित किये गये उत्तर को मिटाना या सफेद स्याही से बदलना तो परीक्षा के लिये अयोग्य घोषित किये जा सकते हैं।
9. आपको परीक्षा समाप्त होने पर मूल OMR पत्रक निरीक्षक महोदय को लौटाना आवश्यक है और परीक्षा समाप्ति के बाद उसे अपने साथ परीक्षा भवन से बाहर न लेकर जायें। हालांकि आप परीक्षा समाप्ति पर मूल प्रश्न पुस्तिका तथा OMR पत्रक की डुप्लीकेट प्रति अपने साथ ले जा सकते हैं।
10. **केवल नीले/काले बाल प्वाईंट पेन का ही प्रयोग करें।**
11. **किसी भी प्रकार का संगणक (कैलकुलेटर) या लाग टेबल आदि का प्रयोग वर्जित है।**
12. **गलत उत्तरों के लिए कोई नकारात्मक अंक नहीं हैं।**

www.prepp.in

# GUJARATI
## PAPER - II

નોંધ : આ પ્રશ્નપત્રમાં પચાસ (50) બહુવિકલ્પી પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નના બે (2) ગુણ છે. બધા પ્રશ્નો ફરજિયાત છે.

1. નીચેનામાંથી કયા બે કવિઓ શક્તિભક્તિ સાથે જોડાયેલા છે ?
   (1) રણછોડ અને બુટિયો
   (2) ભાલણ અને વલ્લભ
   (3) વલ્લભ અને રાજે
   (4) પાનબાઈ અને ગવરીબાઈ

2. નીચેનામાંથી કયા બે કવિઓ પ્રેમલક્ષણાધારાના નથી ?
   (1) નરસિંહ અને દયારામ
   (2) રાજે અને પ્રેમસખી
   (3) ગોપાળ અને ભાણ
   (4) જીવણદાસ અને મીરાં

3. નીચેનામાંથી કયા બે કવિઓએ નેમિનાથના વૃત્તાંત પરથી રચનાઓ કરી છે ?
   (1) વિનયચંદ્રસૂરિ અને રાજશેખરસૂરિ
   (2) શાલિભદ્રસૂરિ અને માણિક્યચન્દ્રસૂરિ
   (3) જયશેખરસૂરિ અને વિનયચંદ્રસૂરિ
   (4) લાવણ્યસમયસૂરિ અને વિજયશેખરસૂરિ

4. નીચેનામાંથી કયા બે લેખકો મહારાજ લાયબલ કેસ સાથે જોડાયેલા હતા ?
   (1) દુર્ગારામ અને નવલરામ
   (2) નર્મદ અને ઈચ્છારામ
   (3) દુર્ગારામ અને કરસનદાસ મૂળજી
   (4) કરસનદાસ મૂળજી અને નર્મદ

5. નીચેનામાંથી કયા બે અનુવાદકોએ 'અભિજ્ઞાનશાકુન્તલમ્' અનુવાદ કર્યો છે ?
   (1) બળવંતરાય ઠાકોર અને કે. હ. ધ્રુવ
   (2) બળવંતરાય ઠાકોર અને ઉમાશંકર જોશી
   (3) ઉમાશંકર જોશી અને ભોળાભાઈ પટેલ
   (4) નર્મદ અને નવલરામ

6. નીચેનામાંથી કયાં બે સામયિકો સાથે સુરેશ જોશી સંકળાયેલા નહોતા ?
   (1) વાણી અને મનીષા
   (2) ક્ષિતિજ અને એતદ્
   (3) માનસી અને ઉન્મૂલન
   (4) ઊહાપોહ અને સાયુજ્ય

7. પ્રાર્થનાસમાજ સાથે કયા બે લેખકો જોડાયેલા હતા ?
   (1) ભોળાનાથ અને મહીપતરામ
   (2) નવલરામ અને ઈચ્છારામ
   (3) કરસનદાસ અને દુર્ગારામ
   (4) નર્મદ અને નંદશંકર

www.prepp.in
Prepp
Your Personal Exams Guide

8. નીચેનાંમાંથી કયાં બે નાટકો ક.મા. મુનશીનાં નથી ?

(1) વાહ રે મૈં વાહ અને આજ્ઞાંકિત (2) પુત્રસમોવડી અને તર્પણ
(3) બે ખરાબ જણ અને અવિભક્ત આત્મા (4) માલવપતિ મુંજ અને બ્રહ્મચારી

9. નીચેનામાંથી કઈ બે રચનાઓ ચિનુ મોદીની છે ?

(1) જલસાઘર અને જનાવર (2) વાતાયન અને ઊર્ણનાભ
(3) શ્વાસની રમત અને ગંજીયાની રાણી (4) ગાતાં ઝરણાં અને ટેવ

10. કાલાનુક્રમે ગોઠવો :

(a) નિષ્કુળાનંદ (b) દેવાનંદ (c) બ્રહ્માનંદ (d) મુક્તાનંદ
(1) (d), (a), (b), (c) (2) (c), (b), (a), (d) (3) (d), (a), (c), (b) (4) (b), (c), (d), (a)

11. કાલાનુક્રમે ગોઠવો :

(a) ભોજ (b) ભરત (c) ભર્તૃહરિ (d) ભામહ
(1) (b), (d), (a), (c) (2) (b), (a), (c), (d) (3) (b), (c), (d), (a) (4) (b), (d), (c), (a)

12. કાલાનુક્રમે ગોઠવો :

(a) વર્ડ્ઝવર્થ (b) આઈ. એ. રિચર્ડ્સ (c) મેથ્યુ આર્નલ્ડ (d) લેસિંગ
(1) (d), (a), (c), (b) (2) (a), (b), (c), (d) (3) (c), (d), (b), (a) (4) (d), (b), (a), (c)

13. કાલાનુક્રમે ગોઠવો :

(a) સંચિત્ (b) નાનાભાઈ ભટ્ટ (c) વાડીલાલ ડગલી (d) ઈવા ડેવ
(1) (b), (d), (a), (c) (2) (a), (b), (c), (d) (3) (b), (a), (d), (c) (4) (a), (b), (d), (c)

14. કાલાનુક્રમે ગોઠવો :

(a) વેવિશાળ (b) નિરંજન
(c) સોરઠ તારાં વહેતાં પાણી (d) તુલસીક્યારો
(1) (a), (c), (b), (d) (2) (a), (d), (c), (b) (3) (b), (c), (a), (d) (4) (b), (a), (d), (c)

15. કાલાનુક્રમે ગોઠવો :

(a) તુળજી વૈધવ્યચિત્ર (b) નિંદ્યશૃંગારનિષેધકરૂપક
(c) સુમંગલા (d) નૃસિંહાવતાર
(1) (a), (d), (b), (c) (2) (c), (a), (b), (d) (3) (b), (a), (d), (c) (4) (a), (b), (d), (c)

Prepp
Your Personal Exams Guide

16. કાલાનુક્રમે ગોઠવો :

(1) આત્મનિમજ્જન - તેજરેખા - દીપ્તિ - પક્ષીતીર્થ

(2) દીપ્તિ - આત્મનિમજ્જન - પક્ષીતીર્થ - તેજરેખા

(3) તેજરેખા - દીપ્તિ - પક્ષીતીર્થ - આત્મનિમજ્જન

(4) પક્ષીતીર્થ - તેજરેખા - આત્મનિમજ્જન - દીપ્તિ

17. કાલાનુક્રમે ગોઠવો :

(1) યેસ્પર્સન - ટેસ્સિટોરી - ચૉમ્સ્કી - સ્તુર્તવાં

(2) ટેસ્સિટોરી - યેસ્પર્સન - સ્તુર્તવાં - ચૉમ્સ્કી

(3) સ્તુર્તવાં - ચૉમ્સ્કી - યેસ્પર્સન - ટેરિસ્ટોરી

(4) ટેરિસ્ટોરી - સ્તુર્તવાં - યેસ્પર્સન - ચૉમ્સ્કી

18. કાલાનુક્રમે ગોઠવો :

(1) હું પોતે - જીવનપંથ - શિરીન મેડમ - ઊઘડે નવી ક્ષિતિજ

(2) જીવનપંથ - ઊઘડે નવી ક્ષિતિજ - શિરીન મેડમ - હું પોતે

(3) શિરીન મેડમ - હું પોતે - જીવનપંથ - ઊઘડે નવી ક્ષિતિજ

(4) હું પોતે - જીવનપંથ - ઊઘડે નવી ક્ષિતિજ - શિરીન મેડમ

19. સર્વથા સુસંગત જૂથ જણાવો :

(1) અભિનવગુપ્ત : સ્ફુટત્વ ભાવ, સંશયયોગ, આલંબન

(2) આનંદવર્ધન : અન્વિતાભિધાન, અભિહિતાન્વય, ગુણ

(3) ક્ષેમેન્દ્ર : અવસ્થાઔચિત્ય વ્રતઔચિત્ય, સંગ્રહઔચિત્ય

(4) કુન્તક : પરિસ્પન્દ, આભિજાત્ય, સ્વ-ભાવ

20. સર્વથા સુસંગત જૂથ જણાવો :

(1) કોલરિજ : ઉત્તમ શબ્દો, તીવ્ર ભાવાવેગ, ચિંતન

(2) લેસિંગ : હર્માકા, માધ્યમભેદ, નાટ્યાત્મક કવિતા

(3) મેથ્યુ આર્નલ્ડ : જીવનની સમીક્ષા, ભવ્યતા, મૂલ્યવત્તા

(4) ક્રોચે : અંતઃ સ્ફુરણા, ભૌતિક ઘટના, માધ્યમપરકતા

21. સર્વથા સુસંગત જૂથ જણાવો :

(1) હરગોવિંદ કાંટાવાળા : પાણીપત અથવા કુરુક્ષેત્ર, અંધેરી નગરીનો ગંધર્વસેન, દેશી કારીગરીને ઉત્તેજન

(2) સ્વામી આનંદ : નઘરોળ, અનંતકળા, સંસાર અને ધર્મ

(3) સુંદરજી બેટાઈ : અનુવ્યંજના, સુવર્ણરેખા, શ્રાવણી ઝરમર

(4) પૂજાલાલ : પારિજાત, બાલગુર્જરી, મહર્ષિ અરવિંદનું ચરિત્ર

22. સર્વથા સુસંગત જૂથ જણાવો :

(1) ઈલા મહેતા : નવલકથા, ટૂંકી વાર્તા, નાટક

(2) વર્ષા અડાલજા : નવલકથા, ટૂંકી વાર્તા, કવિતા

(3) સરોજ પાઠક : નવલકથા, ટૂંકી વાર્તા, નિબંધ

(4) રંભાબહેન ગાંધી : નાટક, ગીત, ચરિત્ર

23. સર્વથા સુસંગત જૂથ જણાવો :

(1) રવિશંકર રાવળ : સ્મરણકથા, ચિત્રકળા, નાટક

(2) ગુલામમોહમ્મદ શેખ : નિબંધ, ચિત્રકળા, કાવ્ય

(3) જયંત ખત્રી : વાર્તા, ચિત્રકળા, ચરિત્ર

(4) પ્રદ્યુમ્ન તન્ના : કાવ્ય, ચિત્રકળા, નવલકથા

24. સર્વથા સુસંગત જૂથ જણાવો :

(1) શાસ્ત્રી વ્રજલાલ : ગુજરાતી ભાષાનો ઈતિહાસ, ઉત્સર્ગમાળા, ધાતુસંગ્રહ

(2) દવે ટી. એન : ગુજરાતી ભાષામાં વર્ણવ્યવસ્થા, ગુજરાતી જોડણી, ગુજરાતી ભાષા

(3) આચાર્ય શાંતિલાલ : ભાષાવિવેચન, ગુજરાતી વ્યાકરણ, હાલારી બોલી

(4) પંડિત બેચરદાસ : ગુજરાતી ભાષાની ઉત્ક્રાંતિ, દેશી શબ્દસંગ્રહ, ભગવતી સૂત્ર

25. સર્વથા વિસંગત જૂથ જણાવો :

(1) કનુભાઈ જાની : મેઘાણી સંદર્ભ, સ્થવિરાવલિ, લોકવિદ્યા

(2) જયમલ્લ પરમાર : આપણી લોકસંસ્કૃતિ, લોકકથા ગ્રંથાવલિ, કાઠિયાવાડના ઘડવૈયા

(3) પિંગળશી ગઢવી : જીવતરનાં જોમ, પ્રાગ્વડનાં પંખી, જસમા ઓડણ

(4) રતુદાન રોહડિયા : રતનસવાયાં લાખ, જગદંબા જંતબાઈ, ચારણી સાહિત્ય

26. સર્વથા વિસંગત જૂથ જણાવો :

(1) ભારોપીય : ડચ, સ્કોચ, ગુજરાતી (2) યુરાલીય : ફિનિશ, ઈસ્થોનિયન, લેપિશ

(3) મોનખ્મેર : નિકોબારી, કમ્બોડિયન, બ્રાહુઈ (4) આલ્તાઈ : તુર્કી, કિરગિઝ, માન્ચુ

27. સર્વથા વિસંગત જૂથ જણાવો :

(1) કલ્પનાતીત, લોકહિત, ઈશ્વરાધીન (2) સ્થળાંતર, દેહલતા, સ્વપ્નસ્થ

(3) વહીવંચો, ચીલાચાલુ, રણછોડ (4) આજીવન, પ્રત્યેક, હરદમ

28. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો:

(a) શબ્દાર્થશાસનજ્ઞાનમાત્રથી ધ્વનિસિદ્ધાંત સંપૂર્ણતઃ સમજાઈ જાય છે.

(b) આચાર્ય કુન્તક સ્વભાવોક્તિને કાવ્યનું જીવાતુભૂત તત્ત્વ ગણતા નથી.

(1) (a) અને (b) બન્ને સાચાં છે. (2) (a) અને (b) બન્ને ખોટાં છે.

(3) (a) સાચું છે અને (b) ખોટું છે. (4) (a) ખોટું છે અને (b) સાચું છે.

29. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(a) ક્રોચેને મતે અંતઃસ્ફુરણાત્મક જ્ઞાન અને તાર્કિક જ્ઞાન એવા બે જ્ઞાનભેદો પ્રવર્તે છે.

(b) એલિયટે 'ધ સેક્રેટ વુડ' નામક ગ્રન્થમાં 'પરંપરા અને વૈયક્તિક પ્રતિભા' વિશે ચર્ચા કરી છે.

(1) (a) અને (b) બન્ને સાચાં છે. (2) (a) અને (b) બન્ને ખોટાં છે.

(3) (a) સાચું છે અને (b) ખોટું છે. (4) (a) ખોટું છે અને (b) સાચું છે.

30. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(a) મમ્મટે કાવ્યહેતુઓની પૃથક્તાને બદલે એકત્વને મહત્ત્વ આપ્યું છે.

(b) જગન્નાથના મતે રસાભાસને રસની કોટિમાં મૂકી શકાય નહીં.

(1) (a) અને (b) બન્ને સાચાં છે. (2) (a) અને (b) બન્ને ખોટાં છે.

(3) (a) સાચું છે અને (b) ખોટું છે. (4) (a) ખોટું છે અને (b) સાચું છે.

31. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(a) નર્મદે 'સમયરંગ' માં તત્કાલીન સામાજિક કુરિવાજોની ચર્ચા કરી છે.

(b) ઉમાશંકર જોશીએ 'રાજ્યરંગ' માં ગાંધીયુગના રાજકારણની સમસ્યાઓ નિરૂપી છે.

(1) (a) અને (b) બન્ને સાચાં છે. (2) (a) અને (b) બન્ને ખોટાં છે.

(3) (a) સાચું છે અને (b) ખોટું છે. (4) (a) ખોટું છે અને (b) સાચું છે.

www.prepp.in
Prepp
Your Personal Exams Guide

32. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(a) જયંતિ દલાલે 'શહેરની શેરી' નિબંધસંગ્રહમાં અમદાવાદની શેરીઓનાં ચિત્રો રજૂ કર્યાં છે.

(b) અમૃતલાલ યાજ્ઞિકે 'નર્મદાની પરિક્રમા' માં નર્મદાનો મહિમા આલેખ્યો છે.

(1) (a) અને (b) બન્ને સાચાં છે. (2) (a) અને (b) બન્ને ખોટાં છે.

(3) (a) સાચું છે અને (b) ખોટું છે. (4) (a) ખોટું છે અને (b) સાચું છે.

33. નીચેનાં વિધાનોને કાર્યકારણસંબંધે તપાસો :

(A) બૌદ્ધોએ સ્ફોટવાદ દ્વારા ધ્વનિસિદ્ધાંત સ્પષ્ટ કર્યો હતો.

(R) સ્ફોટ દ્વારા ધ્વન્યાર્થ સ્પષ્ટ થાય છે.

(1) (A) અને (R) બન્ને સાચાં છે. (2) (A) અને (R) બન્ને ખોટાં છે.

(3) (A) સાચું છે અને (R) ખોટું છે. (4) (A) ખોટું છે અને (R) સાચું છે.

34. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો :

(A) આનંદશંકર ધ્રુવે વિશ્વવ્યાપન ગુણને ઉત્તમ કવિતા માટે આવશ્યક ગણાવ્યો છે.

(R) વિશ્વવ્યાપનનો ગુણ ધરાવતી કવિતા વ્યક્તિવ્યાપનનો ગુણ ધરાવતી રચના કરતાં ચડિયાતી હોય છે.

(1) (A) અને (R) બન્ને સાચાં છે. (2) (A) અને (R) બન્ને ખોટાં છે.

(3) (A) સાચું છે અને (R) ખોટું છે. (4) (A) ખોટું છે અને (R) સાચું છે.

35. નીચેનાં વિધાનોને કાર્યકારણસંબંધે તપાસો :

(A) દક્ષિણ ગુજરાતની બોલીમાં મૂર્ધન્ય ધ્વનિઓનાં ઉચ્ચારણો દંત્ય ધ્વનિઓ જેવાં થાય છે.

(R) દક્ષિણ ગુજરાતના લોકો મૂર્ધન્ય ધ્વનિઓનાં ઉચ્ચારણો કરી શકતા જ નથી.

(1) (A) અને (R) બન્ને સાચાં છે. (2) (A) અને (R) બન્ને ખોટાં છે.

(3) (A) સાચું છે અને (R) ખોટું છે. (4) (A) ખોટું છે અને (R) સાચું છે.

36. નીચેનાં વિધાનોને કાર્યકારણસંબંધે તપાસો :

(A) 'વદતોવ્યાઘાત' મધ્યમપદલોપી સમાસ છે.

(R) મધ્યમપદલોપી સમાસ સર્વપદપ્રધાન છે.

(1) (A) અને (R) બન્ને સાચાં છે. (2) (A) અને (R) બન્ને ખોટાં છે.

(3) (A) સાચું છે અને (R) ખોટું છે. (4) (A) ખોટું છે અને (R) સાચું છે.

37. બન્ને યાદીની વિગતો સરખાવી સાચાં જોડકાં બનાવો :

| | | | |
|---|---|---|---|
| (a) | ક્રોધ | (i) | બીભત્સ |
| (b) | ઉત્સાહ | (ii) | રૌદ્ર |
| (c) | જુગુપ્સા | (iii) | શાંત |
| (d) | નિર્વેદ | (iv) | વીર |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (ii) | (i) | (iii) | (iv) |
| (2) | (iv) | (ii) | (i) | (iii) |
| (3) | (iii) | (iv) | (ii) | (i) |
| (4) | (ii) | (iv) | (i) | (iii) |

38. બન્ને યાદીની વિગતો સરખાવી સાચાં જોડકાં બનાવો :

| | | | |
|---|---|---|---|
| (a) | લોન્જાઈનસ | (i) | ઈટાલી |
| (b) | ક્રોચે | (ii) | અમેરિકા |
| (c) | મેથ્યુ આર્નલ્ડ | (iii) | ગ્રીસ |
| (d) | એલન ટેટ | (iv) | ઈંગ્લેંડ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (ii) | (iii) | (i) | (iv) |
| (2) | (iii) | (i) | (iv) | (ii) |
| (3) | (iii) | (ii) | (i) | (iv) |
| (4) | (iv) | (i) | (iii) | (ii) |

39. બન્ને યાદીની વિગતો સરખાવી સાચાં જોડકાં બનાવો :

| | | | |
|---|---|---|---|
| (a) | એકાંકી | (i) | સતીશ ડણાક |
| (b) | અભિવ્યક્તિ | (ii) | જ્યોતિષ જાની |
| (c) | રુચિ | (iii) | ગુલાબદાસ બ્રોકર |
| (d) | સંજ્ઞા | (iv) | ચુનિલાલ મડિયા |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iii) | (i) | (iv) | (ii) |
| (2) | (iv) | (ii) | (i) | (iii) |
| (3) | (iii) | (iv) | (ii) | (i) |
| (4) | (i) | (iii) | (ii) | (iv) |

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

40. બન્ને યાદીની વિગતો સરખાવી સાચાં જોડકાં બનાવો :

| | | | |
|---|---|---|---|
| (a) | તારુણ્યમાં પ્રવેશતી કન્યાને પત્રો | (i) | મહાદેવ દેસાઈ |
| (b) | કુલપતિના પત્રો | (ii) | ક.મા. મુનશી |
| (c) | પરલોકે પત્ર | (iii) | હીરાબહેન પાઠક |
| (d) | સખીના પત્રો | (iv) | હરિલાલ દેસાઈ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iv) | (ii) | (i) | (iii) |
| (2) | (iii) | (ii) | (i) | (iv) |
| (3) | (i) | (ii) | (iii) | (iv) |
| (4) | (i) | (ii) | (iv) | (iii) |

41. બન્ને યાદીની વિગતો સરખાવી સાચાં જોડકાં બનાવો :

| | | | |
|---|---|---|---|
| (a) | અવ્યય | (i) | ને, ન, માં |
| (b) | અનુગ | (ii) | લીધે, કાજે, દ્વારા |
| (c) | સર્વનામ | (iii) | પ્રતિ, વિ, અનુ |
| (d) | નામયોગી | (iv) | એ, તું, તે |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (ii) | (iv) | (iii) | (i) |
| (2) | (iii) | (ii) | (i) | (iv) |
| (3) | (iv) | (iii) | (ii) | (i) |
| (4) | (iii) | (i) | (iv) | (ii) |

42. બન્ને યાદીની વિગતો સરખાવી સાચાં જોડકાં બનાવો :

| | | | |
|---|---|---|---|
| (a) | શેષાદ્રિ | (i) | વિજયરાય વૈદ્ય |
| (b) | રામ વૃંદાવની | (ii) | ત્રિભુવનદાસ લુહાર |
| (c) | ત્રિશૂળ | (iii) | રાજેન્દ્ર શાહ |
| (d) | મયૂરાનંદ | (iv) | ખબરદાર |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iv) | (i) | (iii) | (ii) |
| (2) | (iv) | (iii) | (ii) | (i) |
| (3) | (ii) | (iv) | (iii) | (i) |
| (4) | (iii) | (ii) | (i) | (iv) |

www.prepp.in
Prepp
Your Personal Exams Guide

43. બન્ને યાદીની વિગતો સરખાવી સાચાં જોડકાં બનાવો :

| | | | |
|---|---|---|---|
| (a) | કવિતા કહીએ કલ્પના જનમનરંજન જાણ | (i) | ઉમાશંકર જોશી |
| (b) | પુષ્કળ કવિતા માત્ર પોયટ આંસુ સારતી | (ii) | જયંત પાઠક |
| (c) | ક્યાં છે કવિતા ? | (iii) | દલપતરામ |
| (d) | કવિતા ન કરીએ તો કશું થાય જ નહીં | (iv) | બ.ક. ઠાકોર |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iii) | (iv) | (i) | (ii) |
| (2) | (ii) | (i) | (iv) | (iii) |
| (3) | (iii) | (iv) | (ii) | (i) |
| (4) | (i) | (iii) | (ii) | (iv) |

44. બન્ને યાદીની વિગતો સરખાવી સાચાં જોડકાં બનાવો :

| | | | |
|---|---|---|---|
| (a) | અસ્તિત્વવાદ | (i) | બાલ્ઝાક |
| (b) | પ્રતીકવાદ | (ii) | બોદલેર |
| (c) | વાસ્તવવાદ | (iii) | કિર્કેગાર્ડ |
| (d) | ક્યુબિઝમ | (iv) | ઍપોલિનેર |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iii) | (i) | (iv) | (ii) |
| (2) | (iv) | (iii) | (i) | (ii) |
| (3) | (iii) | (ii) | (i) | (iv) |
| (4) | (ii) | (iv) | (iii) | (i) |

45. બન્ને યાદીની વિગતો સરખાવી સાચાં જોડકાં બનાવો :

| | | | |
|---|---|---|---|
| (a) | થોડોક વ્યાકરણવિચાર | (i) | ઊર્મિ દેસાઈ |
| (b) | ગુજરાતી વ્યાકરણ | (ii) | હરિવલ્લભ ભાયાણી |
| (c) | વ્યાકરણ વિમર્શ | (iii) | કમળાશંકર |
| (d) | બૃહદ્ ગુજરાતી વ્યાકરણ | (iv) | યોગેન્દ્ર વ્યાસ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iv) | (ii) | (i) | (iii) |
| (2) | (ii) | (iv) | (iii) | (i) |
| (3) | (i) | (iii) | (iv) | (ii) |
| (4) | (ii) | (iv) | (i) | (iii) |

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

કાવ્ય વાંચી એની નીચેના પ્રશ્નોના ઉત્તરો આપો.

એ મૂક્યું વન, એ મૂક્યાં જન, ઘણે વર્ષે મળ્યાં જે ક્ષણ,
મૂક્યાં ડુંગર ને નદી, વતનનાં એ કોતરો, ખેતર;
આંખો બે રહી ભાળતી વળી વળી પાછી, ભીડ્યું એ ઘર
વેચાઈ ગયું ઢોર જેમ તલખે કોઢાર, છોડ્યું ધણ.

કેડી આગળ જાય, પાય અવળા, કેમે કરી ઊપડે;
આંખો જાય ભરાઈ વાટ તરુની કાંટાળી ડાળી નડે;
હૈયું ઉઝરડાય રક્તટશિયા ફૂટે ધીમેથી ઝમે
આઘે વેકુરથી નદીની હજીયે આ આંગળીઓ રમે.

ચાલો જીવ, જવાનું આગળ, નહીં આ કાળના વ્હેણમાં
પાછા ઉપરવાસ શક્ય વહવું, પાણી લૂછો નેણનાં;
ભારો લૈ ભૂતનો શિરે વણપૂછયે શા વેઠિયા ચાલવું
સાથે શ્વાન, પૂરી થતાં હદ હવે એનેય પાછા જવું.

આઘે ખેતર જોઉં બે કર કરી ઊંચા મને વારતી –
એ મારી ભ્રમણા ? રિસાળ શિશુને બોલાવતી બા હતી ?

46. કાવ્યનાયકને વતન છોડવાનું કારણ કયું છે ?
(1) દુષ્કાળ (2) ઘણાં વર્ષો (3) વતનવિચ્છેદ (4) અકારણ

47. કાવ્યના ઉત્તરાર્ધમાં કવિ વતનને શાની સાથે સરખાવે છે ?
(1) કેડી સાથે (2) ઉપરવાસ સાથે (3) નદીના પ્રવાહ સાથે (4) શ્વાન સાથે

48. કાવ્યની અંતિમ પંક્તિઓમાં કયો અલંકાર પ્રયોજાયેલો છે ?
(1) ભ્રાંતિમાન (2) ઉત્પ્રેક્ષા (3) સસંદેહ (4) રૂપક

49. કાવ્યમાં પ્રયોજાયેલા 'વેકુર' શબ્દનો શો અર્થ થાય છે ?
(1) રેતી (2) પ્રવાહ (3) કિનારો (4) પથ્થર

50. કાવ્યનો છંદ કયો છે ?
(1) સ્ત્રગ્ધરા (2) સવૈયા (3) મનહર (4) શાર્દૂલવિક્રીડિત

- o 0 o -

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

Space For Rough Work